કાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભૂજ-કચ્છ. ૩૭૦ ૦૦૧.
ફોન નં. (૦૨૮૩૨)૨૩૫૦૦૧, ૨૯૩૯૧૧
ફેક્સ નં. (૦૨૮૩૨) ૨૩૫૦૧૧
ઈમેઈલ-info@kskvkachchhuniversity.org વેબ-kskvkachchhuniversity.org

ક.યુ./ઇ.સી./મિનિટસ/૧૫મી જુન/૨૦૧૮/ ૪૬૩ તા.૨૮/૦૬/૨૦૧૮

પ્રતિ,
તમામ એક્ઝિક્યુટીવ કાઉન્સીલના સભ્યશ્રીઓ,
કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,
ભુજ–કચ્છ.

**વિષય : ગત તા.૧૫/૦૬/૨૦૧૮ના રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સીલની યોજાયેલ સભાની મિનિટસની નોંધ મોકલવા બાબત.**

શ્રીમાન,

જય ભારત સહ ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીનાં અધ્યક્ષ સ્થાને તાઃ ૧૫/૦૬/૨૦૧૮ના રોજ કચ્છ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સીલની સભાની મિનિટસ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવ છે. જે આપશ્રીને જાણ થવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ

ઇ.કુલસચિવ
કચ્છ યુનિવર્સિટી

બિડાણઃ– એક્ઝિક્યુટીવ કાઉન્સીલની યોજાયેલ બેઠકની મીનીટસ નોંધ

નકલ સવિનય રવાનાઃ– માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ.

તા.૧૫મી જુન–૨૦૧૮ ના રોજ બપોરે ૦૪.૦૦ કલાકે કચ્છ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની મિનિટસ નોંધ

આજ રોજ તારીખ તા.૧૫મી જુન–૨૦૧૮ ના રોજ શુક્રવાર બપોરે ૦૪.૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે એક્ઝિક્યુટીવ કાઉન્સીલની સભા માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતાં. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓના આવકાર બાદ આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ | હોદો | હાજર/ ગેરહાજર |
|---|---|---|
| ડો. શ્રી.સી.બી.જાડેજા<br>માન. કુલપતિશ્રી,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | અધ્યક્ષશ્રી | હાજર |
| ડાયરેક્ટર ઓફ હાયર એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય,<br>ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેક્ટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય,<br>ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેક્ટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજ્યુકેશન, ગુજરાત રાજ્ય,<br>ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડો.શ્રી.ડી.એમ.બકરાણીયા,<br>ડીનશ્રી, શિક્ષણ વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડો.પી.એસ.હિરાણી,<br>ડીનશ્રી, કોમર્સ વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. એસ.જી.ધર્માણી,<br>સલંગ્ન કોલેજના આચાર્યશ્રી,<br>તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ,<br>આદિપુર–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. મનીષ પંડયા<br>સલંગ્ન કોલેજના આચાર્યશ્રી,<br>તોલાણી કોલેજ ઓફ કોમર્સ,<br>આદિપુર–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. એમ.જી.ઠક્કર.<br>પ્રોફેસર, વિજ્ઞાન વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. કે.એમ.ત્રિવેદી<br>રીડર, વિનયન વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |

| | | |
|---|---|---|
| શ્રી પ્રવિણભાઇ પીડોરીયા<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિશ્રી, | સભ્યશ્રી | ગેરહાજર |
| શ્રી અરૂણભાઇ ભીન્ડે<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિશ્રી, | સભ્યશ્રી | હાજર |
| ડો.તેજલ શેઠ,<br>કાર્યકારી કુલસચિવશ્રી, કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સેક્રેટરીશ્રી | હાજર |

## –મુદાઓ –

૧. તા.૩૦/૦૫/૨૦૧૮ ની એક્ઝિક્યુટીવ કાઉન્સીલની સભાની મિનિટસનું વાંચન અને બહાલી.
(નોંધઃ– ગત તારીખ તા.૩૦/૦૫/૨૦૧૮ની સભાની મિનિટસ નોંધનું વાંચન અને બહાલી બાબત.)

ઠરાવઃ– ૧. તા.૩૦/૦૫/૨૦૧૮ રોજની ગત સભાની મિનિટસ નીચે મુજબના ઠરાવોમાં સુધારા–વધારા સાથે મિનિટ્સ નોંધને સર્વાનુમતે બહાલ કરવામાં આવી.

૧. ગત સભાના ઠરાવ ક્રમ–૧૩માં ચૂંટણી યોજવાની તા.૨૦/૦૭/૨૦૧૮ને બદલે તા.૨૨/૦૭/૨૦૧૮ ચૂંટણી યોજવા ઠરાવવામાં આવ્યું.

૨. ગત સભાના ઠરાવ ક્રમ–૧૪/૨ માં રેગ્યુલરમાંથી એક્ષ્ટર્નલમાં આવતાં વિદ્યાર્થીઓમાં CGPA/Grand Total/Grade દર્શાવવાની પધ્ધતિ દર વર્ષે નોંધ ઉપર લઇને કરવામાં આવે છે, તેનાં પરિણામે પરિણામમાં વિલંબ થાય છે તેથી આ ઠરાવથી આ પ્રમાણેનાં કિસ્સામાં આ ઠરાવથી CGPA/ Grand Total/ Grade દર્શાવવા તેમ નિશ્ચિત કરવાસર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૩. ગત સભાના ઠરાવ ક્રમ–૧૭ માં સ્ટુડન્ટ હેલ્પ સેન્ટર અંતગર્ત કો–ઓર્ડિનેટર અને આસી.કો–ઓર્ડિનેટરને અનુક્રમ મહેનતાણં રૂા.૨૫૦/– અને રૂા.૨૦૦/– ચૂકવવા ઠરાવવમાં આવેલ, જેમા પ્રતિદિન મહેનતાણું ચુકવવાના સુધારા સાથે જે–તે ઠરાવને બહાલ રાખવામાં આવ્યું.

૨. તા.૧૧/૦૬/૨૦૧૮ના રોજ યોજાયેલ પ્રોફેસરોના ઇન્ટરવ્યુને બહાલી બાબત.

ઠરાવઃ– ૨. તા.૧૧/૦૬/૨૦૧૮ ના રોજ યોજાયેલ પ્રોફેસરોના ઇન્ટરવ્યું પ્રક્રિયા બાદ નીચે મુજબ ઉમેદવારોની પસંદગી કરવામાં આવેલ.

| ક્રમ | વિષય | પસંદગી પામેલ ઉમેદવારનું નામ | રીમાકર્સ |
|---|---|---|---|
| ૧ | કેમેસ્ટ્રી | ડો.જિગ્નેશ પ્રિયકાંત રાવલ | કેમેસ્ટ્રી વિષયમાં પ્રોફેસર તરીકે પસંદગી કરવામાં આવી. |

| | | | |
|---|---|---|---|
| ૨ | અર્થ એન્ડ એન્વાયરોન્મેન્ટ સાયન્સ | ———— | સંતોષકારક લાયકાત ધરાવતાં ઉમેદવાર ન મળતાં પસંદગી કરવામાં આવેલ નથી. |

ઉપરોક્ત વિગતે ઇન્ટરવ્યું પ્રક્રિયાને, ઉમેદવારોની પસંદગી, પસંદગી પામેલા ઉમેદવારોએ ૯૦ દિવસમાં હાજર થવા સર્વાનુમતે બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૩. તા.૧૧/૦૬/૨૦૧૮ના રોજ રજીસ્ટ્રારશ્રીની ભરતી પ્રક્રિયાની પુનઃ સમીક્ષા બેઠકનો અહેવાલ બાબત.

ઠરાવઃ– ૩. તા.૧૧/૦૬/૨૦૧૮ ના રોજ રજીસ્ટ્રારશ્રીની ભરતી પ્રક્રિયાની પુનઃસમીક્ષા બાબતે રજીસ્ટ્રાર પસંદગી સમિતિના અહેવાલને સ્વીકાર કરવા અને અહેવાલને આધારે રજીસ્ટ્રારની પસંદગી પ્રક્રિયા અને નિમણુંક સબંધે બહાલી/ મંજુરી માટે સરકારશ્રીમાં મોકલવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૪. એક્ઝિક્યુટીવ કાઉન્સીલ અને એકેડેમિક કાઉન્સીલની સંયુકત સભા બોલાવવાની તારીખ નકકી કરવા બાબત.

ઠરાવઃ– ૪. એક્ઝિક્યુટીવ કાઉન્સીલ અને એકેડેમિક કાઉન્સીલની સયુંકત સભા બોલવવા અંગે તા.૦૪/૦૭/૨૦૧૮ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે એકેડેમિક કાઉન્સીલની સભા યોજવા અને ત્યાર બાદ એક્ઝિક્યુટીવ/એકેડેમિક કાઉન્સીલની સયુંકત સભા તા.૦૪/૦૭/૨૦૧૮ ના રોજ બપોરે ૦૩.૦૦ કલાકે યોજવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૫. સરકારશ્રીના શૈક્ષણિક કેલેન્ડરના અમલીકરણ બાબત.

ઠરાવઃ– ૫. હાલમાં સરકારશ્રી દ્વારા રાજ્ય સરકાર હસ્તકની તમામ યુનિવર્સિટી માટે જાહેર કરવામાં આવેલ એકેડેમિક કેલેન્ડરને બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૬. નમસ્તે ચેરના અહેવાલ બાબત.

ઠરાવઃ– ૬. નમસ્તે ચેર બાબતે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવાની મંજુરી આપવા અને નાણાં સમિતિ અને ખરીદ સમિતિ દ્વારા ટેન્ડર મુજબ કાર્યવાહી હાથ ધરવાની મંજુરી આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૭. કચ્છ યુનિવર્સિટીની વેબ સાઇટને અદ્યતન અને અપગ્રેડ કરવા બાબત.

ઠરાવઃ– ૭. કચ્છ યુનિવર્સિટીની વેબસાઇટને અપડેશન કામગીરી અંતગર્ત વેબસાઇટ અપડેટ, ચેટ બોર્ડ, ઇન્વર્ડ–આઉટવર્ડ મેનેજમેન્ટ સીસ્ટમ માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવા અને આ પ્રક્રિયાની કામગીરી શ્રી અમર મહેતા, સીસ્ટમ ઇજનેરશ્રી હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૮. મુંન્દ્રા ખાતેની સંલગ્ન કોલેજમાં નવા વિષયોની દરખાસ્ત બાબત.

ઠરાવઃ– ૮. કચ્છ યુનિવર્સિટી સાથે સલંગ્ન મુન્દ્રા ખાતેની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં ઇતિહાસ અને અર્થશાસ્ત્ર નવા વિષયો શરૂ કરવા અંગે બોર્ડ

ઓફ સ્ટડીઝ અને એકેડેમિક કાઉન્સીલ મારફતે જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરી મંજુરી માટે એક્ઝિક્યુટીવ કાઉન્સીલમાં પુનઃ રજુ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૯. એમ.ફિલ.અભ્યાસક્રમ સેલ્ફ ફાઇનાન્સ ધોરણે ચલાવવુ કે ગ્રાન્ટેડ ધોરણે ચલાવવાની ચર્ચા–વિચારણા બાબત.

**ઠરાવઃ– ૯.** કચ્છ યુનિવર્સિટીમાં એમ.ફિલ. અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષ–૨૦૧૮–૧૯ થી સેલ્ફ ફાયનાન્સ ધોરણે બંધ કરી ગ્રાન્ટેબલ ધોરણે ચલાવવા, આ અભ્યાસક્રમમાં કરેલ કાર્યનો વર્કલોડ ગણવા અને જરૂર જણાય ત્યારે પૂર્વ મંજુરીને આધિન બહારના અધ્યાપકો દ્વારા અધ્યાપન કાર્ય હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૦. તા:૧૩/૦૬/૨૦૧૮ના રોજ યોજાયેલ લાયબ્રેરી એડવાઇઝરી કમિટીની સભાની મિનિટસ બહાલી બાબત.

**ઠરાવઃ– ૧૦.** કચ્છ યુનિવર્સિટીની તા.૧૩/૦૬/૨૦૧૮ ના રોજ યોજાયેલ લાઇબ્રેરી એડવાઇઝરી કમિટીની મિનીટ્સ નોંધને બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૧. જે વિદ્યાર્થીઓ સી.બી.સી.એસ.ની ઓલ્ડ પેટર્નમાં બે વાર પરીક્ષા આપી હોય તેવા વિદ્યાર્થીઓની અંગે ચર્ચા–વિચારણા બાબત.

**ઠરાવઃ– ૧૧.** કચ્છ યુનિવર્સિટીના જુદા–જુદા અભ્યાક્રમમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી હાલની પરીક્ષા પધ્ધતિની અગાઉની સી.બી.સી.એસ. પધ્ધતિમાં(જુની પધ્ધતિમાં) ૨(બે) વખત પ્રયાસ કરેલ હોય અને નાપાસ થયેલ હોય તેવા વિદ્યાર્થીઓ, જુના પધ્ધતિ/અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ ઉપર કોપીકેસ થયેલ હોય તેવા વિદ્યાર્થીઓને સજાની સમયાવધિ બાદ જે–તે સમયે અમલીકૃત નવી પરીક્ષા પધ્ધતિ અને નવા અભ્યાસક્રમ મુજબ નાપાસ થયેલ/બાકી રહેતા વિષય/પેપરની પરીક્ષા આપવાની રહેશે તે મુજબ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૨. નવા એકેડેમિક બિલ્ડીગ માટે મંજૂર થયેલ ટેન્ડરની પાર્ટી સામે આવેલ વાંધા અરજી અંગે લીગલ એડવાઇઝરનો અહેવાલ રજૂ કરી નિર્ણયાર્થે.

**ઠરાવઃ– ૧૨.** નવા એકેડેમિક બિલ્ડીગ માટે કમિટીના અહેવાલના અનુસંધાને ટેન્ડર પાર્ટીના આવેલ વાંધા અરજી અંગે લીગલ એડવાઇઝરનો અહેવાલ રજુ કરી આગળની કાર્યવાહી હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૩. યુનિવર્સિટી કેમ્પસ ખાતે જરૂરીયાત મુજબના જુદી–જુદી બાબતો માટે ટેન્ડર બાબત.

**ઠરાવઃ– ૧૩.** કચ્છ યુનિવર્સિટી કેમ્પસ ખાતે જુદી–જુદી બાબતોના ટેન્ડર બાબતે (૧) ઓનલાઇન ટેન્ડરની ઓન–લાઇન કરવાની પ્રક્રિયા એસ્ટેટ વિભાગે દિન–૭માં હાથ ધરી પૂર્ણ કરવા તથા (૨) ટેન્ડર પ્રક્રિયાને અનુરૂપ ઓન–લાઇન ટેન્ડરીંગ કરવા માટે કોઇપણ પ્રકારના ટેન્ડર બનાવી શકે તેવા કન્સલટન્ટ/એજન્સીની નિમણુંક અંગે ટેન્ડર પ્રક્રિયા દ્વારા કન્સલટન્ટ/એજન્સીની નિમણુંક કરવા એસ્ટેટ વિભાગ દ્વારા પ્રક્રિયા હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૪. તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ–આદીપુર ખાતે બી.એસ.સી.ના બોટની વિષયને ત્રીજા વર્ષને સ્વનિર્ભર ધોરણે ચાલુ કરવા બાબત.

**ઠરાવ:– ૧૪. તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ–આદીપુર ખાતે બોટની વિષય સ્વનિર્ભર ધોરણે ચાલુ કરવા અંગે નિયત કાર્યવાહી અન્વયે કોલેજે આગામી વર્ષથી નિયત ફોર્મથી અરજી કરવાની રહેશે અને શૈક્ષણિક વર્ષ– ૨૦૧૯–૨૦ થી નિયત પ્રક્રિયા પૂર્ણ કરે મંજુરી આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૫. યુનિવર્સિટીની જુદી જુદી સમિતિઓમાં ખાલી પડેલ સભ્યશ્રીઓની જગ્યાએ સભ્યશ્રીઓની નિયુક્તિ કરવા બાબત.

**ઠરાવ:– ૧૫. કચ્છ યુનિવર્સિટીની નાણાં સમિતી, ખરીદ સમિતી અને બાંધકામ સમિતી ના સભ્ય તરીકે એક્ઝિક્યુટીવ કાઉન્સીલ દ્વારા એક્ઝિક્યુટીવ કાઉન્સીલના સભ્ય તરીકે નિયુક્તિ અને માન.કુલપતિશ્રી દ્વારા નિયુક્તિ અન્વયે શ્રી શ્રવણસિંહ વાઘેલા અને શ્રી અજય ગઢવીની નિમણુંક થયેલ જેઓના એક્ઝિક્યુટીવ કાઉન્સીલના સભ્યપદે મુદત પૂર્ણ થતાં તેઓના સભ્યપદ બંધ થવા તથા તેમની જગ્યાએ નીચે મજુબની વિગતેની નિયુક્તિની મંજુરીને સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

| ક્રમ | સમિતિનું નામ | નવ નિયુક્ત સભ્યશ્રીનું નામ | |
|---|---|---|---|
| ૧ | નાણાં સમિતિ | સ્ટેચ્યુટ નં.૫૪.૧.૩ મુજબ<br>૧. શ્રી પ્રવિણભાઇ પીડોરીયા.<br>૨. શ્રી અરુણભાઇ ભીન્ડે. | માન.કુલપતિશ્રી દ્વારા બે સભ્યશ્રીઓની નિયુક્તી |
| | | સ્ટેચ્યુટ નં.૫૪.૧.૫ મુજબ<br>૧. ડો.તેજલ શેઠ. | કુલસચિવશ્રી હોદાની રૂએ. |
| ૨ | ખરીદ સમિતિ | સ્ટેચ્યુટ નં.૧૨૪.૧(ii)<br>૧. શ્રી પ્રવિણભાઇ પીડોરીયા. | એક્ઝિક્યુટીવ કાઉન્સીલ દ્વારા એક્ઝિક્યુટીવ કાઉન્સીલના સભ્યો પૈકી એક સભ્યની નિયુક્તિ. |
| | | સ્ટેચ્યુટ નં.૧૨૪.૧(vii)<br>૨. ડો.પી.એસ.હિરાણી. | વ્યક્તિ વિશેષ તરીકે માન.કુલપતિશ્રી દ્વારા નિયુક્તી |
| ૩ | બાંધકામ સમિતિ | સ્ટેચ્યુટ નં.૧૨૩.૧(v)<br>૧. શ્રી પ્રવિણભાઇ પીડોરીયા. | એક્ઝિક્યુટીવ કાઉન્સીલ દ્વારા એક સભ્યની નિયુક્તિ |

## અધ્યક્ષ સ્થાનેથી રજુ થયેલ

૧૬. કચ્છ યુનિવર્સિટી ખાતે સ્ટેશનરીની જરૂરીયાત બાબત.

**ઠરાવ:– ૧૬. કચ્છ યુનિવર્સિટી ખાતે સ્ટેશનરીની જરૂરીયાત અન્વયે સ્ટેશનરી ખરીદી અંગેની ટેન્ડર પ્રક્રિયા ચાલુમાં હોઇ, ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી યુનિવર્સિટીની જરૂરીયાત મુજબની સ્ટેશનરી હાલમાં કલેક્ટર કચેરી/ જિલ્લા પંચાયત કચેરી, ભુજના ટેન્ડર પ્રક્રિયા દ્વારા મંજુર**

થયેલ ભાવથી તે પાર્ટી પાસેથી જે-તે ખરીદી મંજુર ભાવોએ પુરી પાડવા સબંધિત પાર્ટી પાસેથી સપ્લાય કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૭. કચ્છ યુનિવર્સિટી કેમ્પસ ખાતે પેયજળ બાબત.

**ઠરાવઃ- ૧૭.** કચ્છ યુનિવર્સિટી કેમ્પસ ખાતે પેયજળની જરૂરીયાતને અનુસંધાને કરવામાં આવેલ ટેન્ડર પ્રક્રિયા અંતગર્ત કોઇ પણ પાર્ટીનું ટેન્ડર આવેલ ન હોઇ નવા ટેન્ડર ન થાય કે નવી પ્રક્રિયા ન થાય ત્યાં સુધી જુના ટેન્ડર મુજબ ચાલુ રાખી પેયજળ પુરૂ પાડવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૮. કચ્છ યુનિવર્સિટીની ખરીદી સમિતિ દ્વારા ઓપન કરવામાં આવેલ જુદી-જુદી સેવાઓના ટેન્ડર પ્રક્રિયા બાબત.

**ઠરાવઃ- ૧૮.** કચ્છ યુનિવર્સિટીની જુદી-જુદી સેવાઓ માટે કરવામાં આવેલ ટેન્ડર પ્રક્રિયાના અંતે ખરીદી સમિતિની સભાંમાં સબંધિત સેવાઓના ટેન્ડર ઓપન કરવામાં આવેલ જેમાં લઘુતમ ભાવ મુજબની કોષ્ટકમાં દર્શાવેલ પાર્ટીઓના ભાવ મંજુર કરી બહાલ રાખવામાં આવેલ અને વર્કઓર્ડર આપવાની કાર્યવાહીને એકિઝકયુટીવ કાઉન્સીલ દ્વારા બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

| ક્રમ | સેવાનું નામ | ટેન્ડર મંજુર થયેલ પાર્ટીનું નામ |
|---|---|---|
| ૧. | કુરીયર સર્વિસ | નંદન કુરીયર, અમદાવાદ |
| ૨. | એ.સી./વોટર કુલર | મારૂતી રેફ્રિજરેશન |
| ૩. | કોમ્પ્યુટર | આદેશ કોમ્પ્યુટર |
| ૪. | કેન્ટીન | નરેન્દ્ર પી. સાધુ |

૧૯. ગુજરાત સરકાર દ્વારા નવીનીકરણ, સમારકામ, સુધારા-વધારા અને સારસંભાળ માટે વર્ષ ૨૦૧૭-૧૮ના હેડમાં મળેલ ૮૮.૫ લાખની ગ્રાન્ટ અંતગર્ત આગળની કાર્યવાહી માટે કન્સલ્ટન્સી(પીએમસી) નકિક કરવા અંગે બાંધકામ શાખાની રજુઆત બાબત.

**ઠરાવઃ-૧૯.** ગુજરાત સરકાર દ્વારા નવીનીકરણ, સમારકામ, સુધારા-વધારા અને સાર સંભાળ માટે તા. ૨૯/૦૯/૨૦૧૭ના રોજની એકિઝકયુટીવ કાઉન્સીલની સભાના ઠરાવ નં.૧૪/૨ તથા તા.૦૯/૧૦/૨૦૧૮ ના રોજની એકિઝકયુટીવ કાઉન્સીલની સભાના ઠરાવ નં.૧ મુજબ કાર્યવાહી હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૨૦. કચ્છ યુનિવર્સિટી કેમ્પસ ખાતે કુલપતિશ્રીના બંગલો માટે ૫(પાંચ) કેવીએની પાવર બેકઅપ સિસ્ટમ ખરીદવા બાબત.

**ઠરાવઃ- ૨૦.** કચ્છ યુનિવર્સિટી કેમ્પ ખાતે કુલપતિશ્રીના બંગલો માટે ૫(પાંચ) કેવીએની પાવર બેકઅપ સિસ્ટમ ખરીદવા અંગે બાંધકામ શાખાએ પ્રક્રિયા હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૨૧. કચ્છ યુનિવર્સિટી માટે SSIP ની ગ્રાન્ટના હિસાબો/એકાઉન્ટ બાબત.

**ઠરાવઃ– ૨૧.** **કચ્છ યુનિવર્સિટી માટે SSIP ની ગ્રાન્ટના હિસાબો કો–ઓર્ડિનેટરશ્રી અને રજીસ્ટ્રારશ્રીની સયુંકત સહિથી નિભાવવાનું અને સંયુકત નામથી બેંક એકાઉન્ટ ખોલાવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૨૨. કચ્છ યુનિવર્સિટીના રસાયણશાસ્ત્ર વિભાગ ખાતે ખારેકના રોપા/સોઇલ ટેન્ટીગ અને સેન્ટર ફોર એકસેલન્સ માટે ઉઘરાવવામાં આવતાં ચાર્જની આવક બાબત.

**ઠરાવઃ– ૨૨.** **કચ્છ યુનિવર્સિટીના રસાયણશાસ્ત્ર વિભાગ ખાતે ખારેકના રોપાનું ટેસ્ટીગ, સોઇલ ટેસ્ટીગ અને સેન્ટર ફોર એકસેલન્સ ખાતે કરવામાં આવતાં સંશોધન અન્વયે વસુલવામાં આવતાં ચાર્જ અંતગર્ત થતી આવક/ખર્ચના હિસાબો કો–ઓર્ડિનેટરશ્રી અને રજીસ્ટ્રારશ્રીની સયુંકત સહિથી નિભાવવાનું અને સંયુકત નામથી બેંક એકાઉન્ટ ખોલાવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૨૩. કચ્છ યુનિવર્સિટી ખાતે કેન્ટીન કોન્ટ્રાકટ અન્વયે જાડેજા પ્રહલાદસિંહની કેન્ટીનના જુના ભાડા બાબતે રજુઆત બાબત.

**ઠરાવઃ– ૨૩.** **કચ્છ યુનિવર્સિટી ખાતે કેન્ટીનના કોન્ટ્રાકટ અન્વયે જાડેજા પ્રહલાદસિંહ દ્વારા ફકત એક જ રૂમનો ઉપયોગ થયા અંગે રજુઆતને ગ્રાહય રાખતાં વર્ક ઓર્ડર કર્યા તારીખથી તા.૩૧/૦૩/૨૦૧૭ સુધીની મુદતનું એક જ રૂમ અંગે માસિક રૂા.૩૦૦૦/–(અંકે રૂપિયા ત્રણ હજાર પુરા) પ્રમાણે વસુલાત કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૨૪. કચ્છ યુનિવર્સિટી ખાતે જરૂરીયાત મુજબની ટેન્ડરીગ સિવાયની ખરીદી બાબત.

**ઠરાવઃ– ૨૪.** **કચ્છ યુનિવર્સિટી ખાતે વિવિધ જરૂરીયાત અંગે જેના ટેન્ડરીગ કરવામાં આવેલ હોય તે સિવાયની આઇટમની ખરીદી GEM મારફતે ખરીદવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૨૫. કચ્છ યુનિવર્સિટી સલંગ્ન સ્વનિર્ભર કોલેજોની ફી બાબત.

**ઠરાવઃ– ૨૫.** **કચ્છ યુનિવર્સિટી સાથે સલંગ્ન સ્વનિર્ભર કોલેજોની ફી બાબતે ફી વધારા સમિતિના અહેવાલ અન્વયે સ્વનિર્ભર કોલેજોની ફી વધારવા બાબતે ફિ સમિતિના અહેવાલના કોષ્ટક મુજબ ફી વધારવા તથા આ કોષ્ટકમાં ડી.એન.વી. કોલેજનું નામ રહી ગયેલ હોઇ સમાવિષ્ટ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

**અન્ય કોઇ મુદો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ જાહેર કરવામાં આવી.**

આપનો વિશ્વાસુ

**કુલસચિવ(ઇ.ચા.)**

**નકલ સવિનય રવાનાઃ–** માન.કુલપતિશ્રીના કાર્યાલય તરફ.